સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

દુષિત માર્ગે પ્રચારનો રેલાય છે મહાકુંભ!
સરકારની તિજોરીનો ભેલાય છે મહાકુંભ!
ઠેલાય છે મહાકુંભ વિકાસનો સ્વપ્ન-સ્વાર્થમાં -
નગરમાં રોજ ખેલનો ખેલાય છે મહાકુંભ!

હાઈકુ

ખેલાય ખેલ
સત્તાના કુંભ માટે -
આપસમાં જ..

છે જરૂરત
સફાઇ - અભિયાન -
મનપા માં જ..

ચિંતન

કુચૈલિનં દન્તમલોપ શૂટં બહ્વાશિનં નિષ્ઠુર ભાષિણં ચ ।
સૂર્યોદયે ચાસ્તમિતે શયાનં વિમૂંચતિ શ્રીર્યદિ ચક્રપાણિઃ ॥

ચાણક્ય નીતિનો આ શ્લોક છે :-

'ગંદાં-ફાટેલા અને લઘરવઘર કપડાં પહેરીને રહેનારા, ગંદા-મેલા દાંતવાળા, અધિક-અમર્યાદ અકરાંતિયાં, ભોજન કરવાવાળા, સૂર્યોદય પછી પણ અને (બપોરનું) સૂર્યાસ્ત પછી પણ સૂનારાં લોકોને, એવી વ્યક્તિઓને લક્ષ્મી, તંદુરસ્તી-આરોગ્ય-સ્વાસ્થ્ય-સૌંદર્ય અને શારીરિક સ્ફૂર્તિ-શોભા છોડીને જતી રહે છે - આવા લક્ષણોવાળા વ્યક્તિને પછીને ભલે ને ભગવાન વિષ્ણુ કેમ ન હોય તો પણ સમૃદ્ધિ અને આરોગ્ય છોડીને જતાં રહે છે.'

આળશુ અને એદી માણસો ક્યારેય એકવારમાં અને સમયસર કામ કરતા નથી એમને એક કામ ચાર-પાંચ વખત યાદ અપાવવું પડે અને પછી પણ કરે તો કરે! આવા માણસો આળશુના પીર હોય છે ઉઠવામાં 'બપોર' કરે પછી નિત્યક્રમ પણ કરે તો કરે 'બ્રશ-સ્નાન' તો એમને માટે મરજીયાત યૈકલ્પિક ક્રિયા જ હોય છે. ગંદા-લઘરવઘર કપડાં અન દંભનો સ્પે છાંટી આળશની દુર્ગંધ છૂપાવે છે. સાંજના સંધ્યા ટાણે ફરવાના સમયે ઉંઘે સૂર્યાસ્ત પછી જાગે અને 'નિશાચર' ક્રિયાઓ શરૂ થાય પછી એમનો 'દિવસ ઉગે'!

આવા લક્ષણોવાળા વીરપુરૂષો દુર્ભાગ્ય ગરીબી અને બિમારીના સંબંધમાં જ રહેતા હોય છે.

સુવિચાર

- આવશે દોડીને મળવા તને નદીઓ સામેથી... છે શરત એટલી, પહેલાં તું સમંદર થઇ જા... - નાઝ માંગરોલી
- એક વ્યક્તિ કાંતો સુખ કાં તો દુઃખ સાથે બાથ ભીડી શકે છે સુખને ગળે વળગાડવું હશે તો દુઃખને ઝાટકો મારીને ખંખેરવું પડશે, સુખ માટે જગ્યા તો કરવી જ પડે ને? ખાલી થયા વગર ભરાઇ શકાતું નથી - ઝોશો
- જીંદગીની પુનઃઆવૃત્તિ પ્રગટ થઇ શકતી હોય તો પહેલી આવૃત્તિમાં રહી ગયેલી મુફરીડીંગની ભૂલોને સુધારી લેત - રોકફેલર
- નિષ્ફળતા, હતાશા અને નિરાશા માટે દોષ દેવા જો સૌથી વધુ હાથવગુ સાધન હોય તો તે નશીબ છે - એ.પી.જે.કલામ
- ઉત્તમ માણસની ત્રણ ઓળખ : સદગુણો હોવાથી તે ચિંતાથી મુક્ત છે, ડાહ્યો હોવાથી તે ગુંચવાડાથી મુક્ત છે, બહાદુર હોવાથી તે ભયથી મુક્ત છે - લાઓત્સો
- હાથમાં કે માથા પર જે વજન હોય તો ચાલી શકાતું નથી, એવું જ દિલના વજનનું છે, દિલ પર વજન હોય તો જીવી શકાતું નથી - માનસ સૂત્ર
- વિશ્વાસ માટે કોઇ સંગીન આધાર હોવો જોઇએ, અન્યથા એ ફક્ત અંધવિશ્વાસ હોય છે - રામસંગ ભગત

બોધ કથા

આજે યુવાનો સિગ્નલ થઇ ગયા છે. ક્રિકેટ મેચો ચાલે ક્રિકેટ રમે, ક્યારેક સંગીત, ક્યારેક જીમ, કદીક મોર્નિંગ વોક-શોખ-નિયમ-ધ્યેય-લક્ષ બદલાતાં રહે છે. ક્યારેક ક્રિકેટર તો ક્યારેક બાસ્કેટબોલ! ક્યારેક ડોકટર તો ક્યારેક ઇજનેર! ક્યારેક આઇએએસ તો ક્યારેક શિક્ષક એક ધ્યેય પકડી એના પાછળ મંડયા રહેવું જોઇએ.

એક વૈજ્ઞાનિક પોતાની પ્રયોગશાળામાં કોઇક રોગની 'રસી' બનાવવાની શોધ કરતા હતા. એમાં એવા મગ્ન થઇ ગયા કે ત્રણ વર્ષ સુધી દિવસ-રાત જોયા વિના ઘરની લેબોરેટરી અને લેબોરેટરીથી ઘર સિવાય ક્યાંક જવા-આવવાનું જ નહીં. છાંપા-ટીવી-રેડિયો સામે જોવાનું પણ નહીં. ઘરમાં પણ જરૂરી વાત સિવાય મૌન-માત્ર સંશોધનનો જ 'વિચાર' મનમાં ચાલ્યા કરે.

આખરે શોધ થઇ-પ્રયોગ સફળ થયા અને એમાં સંશોધનને સફળ શોધ બદલ માન્યતા પણ મળી અને અનેક માન-અકરામ-ઇનામો મળ્યાં.

એક પ્રકારે પૂછ્યું, આ સંશોધનમાં તમને કેટલો સમય લાગ્યો? વૈજ્ઞાનિક કહે 'ત્રણ વર્ષ -' પત્રકાર આ ત્રણ વર્ષમાં બીજા ક્યાં મહત્ત્વના સંશોધન થયાં એ તમે જાણો છો?

વૈજ્ઞાનિક કહો - સાચું પૂછો તો હું વિશ્વથી ક્યાંય જ ગયો હતો. મને કોઇ જ ઘટના-બાબત કંઇ જ ખબર નથી મેં ધ્યાન જ નથી આપ્યું. મારા સંશોધનમાંથી વિચલિત ન થઇ જાઉં એ માટે એ જરૂરી હતું. આ વૈજ્ઞાનિક તે ડો. ફ્લેમિંગો..

Email - sureshchandrabhatt18@gmail.com

લીટલ આંદામાન પ્રાકૃતિક સુંદરતા ધરાવતો ગાઢ જંગલ વિસ્તાર છે, અહીં વન વિભાગ દ્વારા મોટા પ્રમાણમાં વૃક્ષો કાપવા અને તેને હાથીઓ દ્વારા વહન કરવાની કામગીરી ચાલે છે, કુદરતની સુંદરતાનું આ અદ્‌ભૂત નજરાણું છે

આમ તો આંદામાનની સાથે નિકોબારનું નામ જોડાયેલું છે. પરંતુ તે બંને ટાપુઓ વચ્ચે ૧૫૦ સમુદ્રી માઇલનું અંતર છે. આ બંને ટાપુ દરિયાઇ અને હવાઇ માર્ગે એકબીજા સાથે જોડાયેલા છે.

આ દરિયો ૭,૯૮,૦૦૦ ચો.કિ.મી.માં પથરાયેલો છે. ઉત્તર દક્ષિણ ૭૫૦ માઇલ, પૂર્વ-પશ્ચિમ ૪૦૦ માઇલ અને ઊંડાઇ ૧૦ હજાર ફૂટ તો ક્યાંક ક્યાંક ૧૪ હજાર ફૂટ જેટલી પણ હોય. દરિયાની તળિયે નજીવી વનસ્પતિ છે. જે ક્યાંક ઉપર તરતી જોઇ શકાય છે. આ દરિયામાં ૨૫૦ થી વધારે પ્રકારની માછલીઓ થાય છે. એમાં ૨૦ પ્રકારની અત્યંત પ્રચલિત નામોવાળી છે. અંદર ખનિજ સંપત્તિ ઓછી છે. સુમાત્રા તરફથી છાજલીમાં પેટ્રોલિયમની શક્યતા જણાય છે. થાઇલેન્ડ તરફના દરિયા કિનારે જસતની શોધ થઇ છે.

આ સમુદ્રમાં આવેલું મોટામાં મોટું બંદર મલેશિયાનું પિનાગ (Pinang) અને દક્ષિણ તરફનો મોટા ભાગનો દરિયાઇ વેપાર મલાયા કિનારેથી થાય છે. પણ હવે ભારત સરકારની સજાગતા અને સગવડતાને કારણે અહીં વેપારની દૃષ્ટિએ સારૂં છે.

જળ માર્ગે શીપમાં જઇએ તો આ જળયાત્રા ખુબ યાદગાર લાગે પણ તે માટે ત્રણ ચાર દિવસનો સમય જોઇએ. આ પ્રવાસમાં આવતા ટાપુઓ પર આદિવાસી જનજાતિઓ બહોળા પ્રમાણમાં નિકાસ કરે છે.

આ દરિયાઇ સફર પોર્ટબ્લેરથી કેમ્પબેલ બે જતાં વચ્ચેનું અંતર ૫૪૦ કિ.મી. છે. તેમાં વચ્ચે જુદા જુદા મહત્ત્વપૂર્ણ ટાપુઓ જોવામ મળે છે. ત્યાં શીપ રોકાય છે. કેમ કે દરેક જગ્યાએ શીપમાંથી સામાન અને પ્રવાસીઓ ચઢતા ઉતરતા હોય છે. એ બધું જોવાની ખૂબ જ મજા પડે છે. ઉપરાંત જમવાનું, નાસ્તો, રહા અને નારીયેળ પાણી મળી રહે તેવી સુવિધાઓ છે. આ બહુ મોટા શીપ હોય છે તેમાં ૨૦૦ થી ૩૦૦ પ્રવાસીઓ મુસાફરી કરી શકે છે. આ શીપમાં સામાન્ય રીતે ડેકથી લઇ કેબિન તેમજ ડીલક્ષના ભાડાના જુદા જુદા દરો પ્રવર્તે છે જે સમયાંતરે બદલતા હોય છે. આ માર્ગે આપણી શીપ પોર્ટ બ્લેરથી રવાના થયા પછી ફોનીક્સ બે થી યાથમ જેટ્ટી એ લઇ જાય છે. ત્યાં એશિયાની સૌથી મોટી યાથમ સૌ મીલ આવેલી છે. તે સરકારી છે. આ સૌ મીલમાં કિંમતી લાકડાથી લઇને સાધારણ પ્રકારના લાકડાંને વહેરવાની કામગીરી આધુનિક મશીનરી દ્વારા કરવામાં ઓવ છે. આ આધુનિક મશીનો અને લાકડાંને કાપવાની પ્રક્રિયા પ્રવાસીઓને બતાવવામાં આવે છે. બાજુમાં મોટું વહાણ આવી શકે તેવી વ્યવસ્થા છે. તેમાં લાકડા ભરીને લાવવામાં આવે પછી ચેનકપ્પા જેવા મશીનોની મદદથી લાકડાં ઉંચકાય તે છેક સો મીલની આરી (કરવત) સુધી આવે, કપાય અને વહેરાય બધું જ આપમેળે.

જો કે ત્યાં રહેલ મજૂરો તેમજ સુપરવાઇઝર લાકડાં કેવા રાખવા, કેવા કાપવા કે વહેંરવા તેની વ્યવસ્થા ઉભા ઉભા કર્યા કરે કામ તો બધું મશીનરી દ્વારા જ થાય.

એક વિચાર એવો આવે કે આટલાં મોટા લાકડાની હેરફેર કઇ રીતે થઇ હશે. ગીચ જંગલ વિસ્તારમાં હવે રસ્તાઓ બનવા માંડયા છે પણ ત્યાં સુધી લાવવાની પણ મુશ્કેલી પડે તે સ્વાભાવિક છે. તે અંગે પુછપરછ કરતાં એક વનકર્મીએ કહ્યું કે તે માટે અહીં હાથી-હાથણીઓને રાખવામાં આવેલ છે. કપાયેલા લાકડાંને ખાડી સુધી લાવવા, ત્યાં વહાણમાં ગોઠવવા, વહાણમાંથી ઉતારવા, ખડકવાં, ટ્રકોમાં ચડાવવા એ બધું જ કામ હાથી કરે છે. હાથીઓને અહીં રીતસર નોકરીએ રાખવામાં આવે છે. તેમની પાસેથી સાતથી આઠ કલાક કામ લેવાય છએ. તે પછી છૂટા. એમે ખાવાનું તો મળે જ છતાંય જંગલમાં છૂટા મુકવામાં આવે. જો કે વિમ્બરલીગંજ થઇ રાઇટમ્પો કેન્દ્ર બાજુમાં જઇએ તો જ એ જોવા મળે.

ચોથમથી નીકળો એટલે સીધા માનવ વિજ્ઞાન સંગ્રહાલય જોવા જઇ શકાય છે. આ સંગ્રહાલયમાં આંદામાન-નિકોબારમાં વસતી આદિવાસી જાતિઓ જે હજારો વર્ષથી પાષાણયુગની અવસ્થામાં આજે પણ રહે છે. તેમણે બનાવેલી વસ્તુઓ જેમ કે તીર; કમાન, ટોપલીઓ, સાદડીઓ અને બીજી અવનવી વસ્તુઓ આ સંગ્રહાલયમાં મુકવામાં આવે છે. જે કુતૂહલ સર્જે છે. ઉપરાંત જારવા, ઓંગી, આંદામાની આદિવાસીઓની ચીજો અને વસ્ત્રહીન તસ્વીરો અવલોકનાર્થે મુકેલી છે. ચાથમ જેટ્ટીથી રવાના થાવ એટલે લિટલ આંદામાન કાર નિકોબાર, ચૌરા, તપારા, ક્યાલ (કર્પંગા), કર્મોટા (નાનકોશી), પિલોમિલો, ક્રોન્ડુલ ને કેમ્પબેલ - બે જેવા સ્થળો નજીકથી પસા થવાનું બને છે. આ પ્રવાસ દરમિયાન અહીંની વિભિન્ન પ્રકારની વેશભૂષા, રહેણી કરણી તેમનાં ગામડાં અને આદિમ જનજાતિઓને નજીકથી જોવાનો મોકો મળે છે. જે ખુબ જ આશ્ચર્ય જનક લાગ્યા વિના રહેતું નથી.

પરંતુ આ ટાપુઓનો પ્રવાસ કરવા માટે આંદામાનનાં જિલ્લા અધિકારીની પરવાનગી લેવી જરૂરી છે. તે ભારતીય પ્રવાસીઓને તો ખુબ જ સરળતાથી આપી દેવામાં આવે છે. ઠાં તે વિદેશી પ્રવાસીઓને અપાતી નથી.

આપણે હવે આ જળયાત્રા શરૂ કર્યાના છ કલાક પછી લીટલ આંદામાનનો પ્રાકૃતિક નજારો જોઇ શકીએ છીએ. લીટલ આંદામાનમાં આદિમ જનજાતિના ઓંગી લોકો રહે છે. આ ટાપુ પર એક પ્રાકૃતિક ધોધ પણ છે જે બહું જ સુંદર છે. મોટાં મોટાં વહાણોને ઊભાં રાખવા માટે બ્રેકવોટર (ખાડી) બનાવવામાં આવી છે. આપણી જે શીપ છે તેના પરથી શીપ કેટલા વાગે ઉપડશે તે લખેલું હોય છે. સમય સાચવીને આપણે દરેક ટાપુ પર લટાર મારવા તેમજ આંદામાનમાં 'ડિગોંગ ક્રિક' નામની આધુનિક આદિમ જનજાતિ ઓંગી ને રહેવા માટેની કોલોની બનાવેલ છે. આ ઓંગી જાતિઓનો અભ્યાસ કરવા મેસુર, સાગર વિશ્વ વિદ્યાલય અને હૈદરાબાદ ભાષા સંસ્થાન દ્વારા તેમનો અભ્યાસ કરીને તેમને હિન્દી ભણાવવાની યોજના કાર્યાન્વિત કરાયેલી છે. તેથી કેટલાક ઓંગી હિન્દી સમજી શકે છે. પણ બોલી શકતા નથી. તેમની પોતાની એક અલગ બોલી છે. આ ઓંગી જાતિનાં લોકો નિગ્રોઇડ (Negroid) જાતિ સાથે સંબંધ ધરાવતી ભારતની અગ્રિમ આદિ જનજાતી માંની આ એક જાતિ છે. તેઓ લીટટ આંદામાન અને ઋતુલેન્ડમાં વસે છે. આ લોકો મોટે ભાગે નીચા અને મજબૂત બાંધાવાળા જણાય છે. ખાદ્ય પદાર્થોને તે કાચા અથવા શેકીને ખાય છે. પુરૂષો કોપીન અને સ્ત્રીઓ પોતાના વક્ષસ્થળને નાર્કિજાલ નામનાં સુકા પર્ણોના ઝૂમખાંથી ઢાંકે છે. આ લોકો વધારે પડતાં ખુલ્લી હવામાં રહેવાનું પસંદ કરે છે. તેમના સમાજમાં કોઇ રાની કે વડો નથી હોતો. લગ્ન પ્રસંગને કોઇ અવસર રૂપે ઉજવવાનો રીવાજ નથી. છોકરો છોકરી એકબીજાને મળે અને પરિચય કેળવી સાથે રહેવા લાગે તે પહેલાં એકબીજાને માટીનો લેપ કરે છે. આ રીતે તેમના લગ્ન થઇ ગયા ગણાય છે. આ જાતિ ઘણા પ્રયત્નો પછી જનસંપર્કમાં આવી છે. છતાં તેમની રહેણીકરણી અને રીતીરિવાજોમાં કોઇ જ ફેરફાર જોવા મળતો નથી. તેમનામાં બાળ લગ્નો થાય છે. વિધવાઓને નફરતની નજરે જોવાય છે કુટુંબમાં પતિ-પત્ની અને બાળકો હોય છે. બાળકો હોય છે. બાળકો પુખ્ત બનતાં સ્વતંત્ર જીવન જીવવા માટે જુદી જ ટોળીમાં ભળી જાય છે.

આ લોકો સમુહમાં રહે છે. એમની સીમાઓમાં રહે છે. નાની નાની ટોળીઓની જે સીમાઓ નક્કી કરેલી હોય એટલામાં જ શિકાર કરવાનો એમને હક્ક હોય છે. આ જાતિનું કોઇ કાયમી ઘર કે ગામ હોતું નથી. તે બધા ખોરાક માટે ભટકતા રહે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

સાધના - સુવર્ણ વાર્તારસના જ્યોતિ કળશ સમો દિપોત્સવી અંક પ્રગટ થયો છે, જેમાં ગુજરાતીમાં ટૂંકી વાર્તાના ઉદ્‌ભવથી શરૂ થઇ આધુનિક ટૂંકી વાર્તા સુધીની મજલ કરાવતી લગભગ ૨૦ જેટલી વાર્તાઓ મળે છે

આધુનિક યુગમાં મોબાઇલ, ઇન્ટરનેટમાં એમ.એમ.એસ. અને ઇમેઇલનું ચલણ વધી ગયું છે ત્યારે દિવાળી અને નવા વર્ષની શુભેચ્છા આપવા માટે દિવાળી કાર્ડ આઉટ ઓફ ડેઇટ થઇ રહ્યાં છે. પરંતુ છતાં તેને કોઇ અન્ય ઉદ્દેશ માટે ઉપયોગમાં લેવાં હોય તો કઇ રીતે લઇ શકાય તેના ઉત્તમ નમૂનારૂપ દિપાવલી કાર્ડનો એક સેટ મળ્યો છે.

પ્રકૃતિની સમજણવાળા ૫૪ દિપાવલી કાર્ડનો આ સેટ પર્યાવરણ અને સંસ્કૃતિ રક્ષક ટ્રસ્ટ અમરેલી તરફથી પ્રગટ કરવામાં આવ્યો છે. જેમાં વનવગડાંનાં રંગબેરંગી સુંદર પંખીઓ ફૂલો અને વનસ્પતિનાં સુંદર ફોટોગ્રાફ દરેક કાર્ડમાં એકતરફ છપાયેલ છે તો પાછળના ભાગમાં તે વનસ્પતિ કે પંખીઓ બાબતની માહિતી ટૂંકી છતાં સચોટ રીતે આપવામાં આવી છે. જેનાથી તેનું મૂલ્ય વધી જાય છે. આ કાર્ડનાં સેટની કિંમત રૂા. ૧૦૦ છે.

એક રીતે આ સંસ્થાના જિતેન્દ્ર તળાવિયા દ્વારા મોરનાં કેટલાક સુંદર ફોટોગ્રાફ્સ સાથેની નાની પણ ગમી જાય તેવી પુસ્તિકા પ્રગટ કરવામાં આવી છે. જેનો હેતુ રાષ્ટ્રીય પંખી મોરનું વ્યાપક સ્તરે રક્ષણ થાય, પ્રત્યેક ગામ, સીમ તથા નદી કાંઠે તેનું અસ્તિત્વ ટકરી રહે તેમજ સમાજનાં પ્રત્યક સ્તરનાં લોકો મોરની સાથે લાગણી ધરાવે તેવા ઉમદા હેતુથી રાજય કક્ષાની મોર વિશેની છબીકલા સ્પર્ધામાં - ૨૦૧૩ ની પુરસ્કૃત છબીઓને આ પુસ્તિકામાં સ્થાન આપવમાં આવ્યું છે. પુસ્તિકાનું મૌલિક, દાર્શનીક લેખન પ્રસિદ્ધ ચિંતક અને જ્ઞાનગ્રંથ સમા લેખક દિલીપ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. આ પુસ્તીકાની કિંમત રૂા. ૯૦ છે.

● પાટનગર પ્રકાશ સાપ્તાહિકનો દિપોત્સવી અંક પ્રગટ થયો છે. તેમાં જાણીતા લેખકોના લેખો, પ્રેરકપ્રસંગો, લઘુકથા તેમજ કાવ્યોનો સમાવેશ કરી દળદાર અને વાંચવા ગમે તેવું સાહિત્ય પીરવામાં આવ્યું છે. તે ઉપરાંત સાપ્તાહિકના પેટ્રન મેમ્બરોના ફોટોગ્રાફ પ્રગટ કરવામાં આવ્યા છે. આ એકમાં મોરારિ બાપુથી લઇને લાલામીર સુધીનાં સૌની રચનાઓ સમાવેલ હોઇ એક વાંચન ભોગ્ય બને છે.

● ગાંધીનગર કલ્ચરલ ફોરમનું માસિક પત્ર ફોરમનો દિપોત્સવી અંગ પ્રગટ થયો છે. સુંદર છપાઇ, ફોટોગ્રાફ્સ અને પ્રવૃતિઓના અહેવાલ સાથે સાથે સભ્યોની સિદ્ધિઓ ને તસ્વીરો સહિત મુકવામાં આવી છે. તેમજ આગામી તા. ૧૭/૧૧/૨૦૧૩થી તા. ૨૪/૧૧/૨૦૧૩ સુધી રજુ થનાર નાટક 'ગરવી ગુજરાતણે રંગ રાખ્યો' વિશે માહિતી અને નવેમ્બર, ડિસેમ્બરમાં જે સભ્યોની જન્મતારીખ આવે છે તેમને અભિનંદન સાથે નામાવલિ મોબાઇલ નંબર સહિત આપવામાં આવી છે.

● સાધના - સુવર્ણ વાર્તારસના જ્યોતિ કળશ સમો દિપોત્સવી અંક પ્રગટ થયો છે. જેમાં ગુજરાતીમાં ટૂંકી વાર્તાના ઉદ્‌ભવથી શરૂ થઇ આધુનિક ટૂંકી વાર્તા સુધીની મજલ કરાવતી લગભગ ૨૦ જેટલી વાર્તાઓ મળે છે. જેમાં સૌ પ્રથમ ગણાતી મલયાનિલની વાર્તા 'ગોવાલણી'થી શરૂ થઇ રા.વી. પાઠક, ધૂમકેતુ, ર.વ.દેસાઇ, ઝવેરચંદ મેઘાણી, સુંદરમ્, પન્નાલાલ પટેલ, ઇશ્વર પેટલીકર, સુરેશ જોશી, ચૂનીલાલ મડિયા, મોહનલાલ પટેલ, મઠંમદ માંકડ, ઇવાડેવ, વિનોદ ભટ્ટ, રતિલા બોરીસાગર તેમજ રઘુવીર ચૌધરી, દલપત ચૌહાણ, હરનિશ જાની, પ્રફુલ્લ રાવલ અને ડો. પન્ના ત્રિવેદી જેવા જાણીતા લેખકોની ખૂબ જ જાણીતી બનેલ કૃતિઓ એક સાથે અહીં વાંચવા મળે છે. સંપાદક અભિનંદને પાત્ર છે.

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

● ગાંધીનગરથી જ પ્રગટ થતી 'તથ્ય' સાપ્તાહિકનો દિપોત્સવી અંક પણ પ્રગટ થયો છે. તેમાં જુદાં જુદા વિભાગો જોવા મળે છે. કાવ્ય/ગઝલના સંપાદક - ભરત પાઠક 'નયન' છે. જેમાં ૩૧ જેટલી કાવ્ય ગઝળ રચનાઓમાં ગાંધીનગરના જાણીકા કવિઓ ભાનુપ્રસાદ પુરાણી, કિશોર જીકાદરા, કવિ મૂલાંકી, બાલુ ગઢવી, મૂળજીભાઇ પરમાર, પ્રજ્ઞા પટેલ, લલિતાબેન પટેલ, હરિશ પંડ્યા, બાબુલાલ વણઝારા, પ્રકાશ લાલા 'વ્રજ', સંજય થોરાત અને ભગદેવ ભટ્ટની કૃતિઓ મળે છે, તો કથા વાર્તા વિભાગમાં 'આત્મસંતોષની આગ' હેમંત યાજ્ઞિક, મારે ભરોસે - દોલત ભટ્ટ, દિલેરી - મૂળજીભાઇ પરમાર, ગિલેટવાળી બંગડી - સંજય થોરાત, વ્યવસ્થા કરી જજો - પ્રકાશ લાલા, આભલું - ભરત પાઠક 'નયન', આગલા વળાંકે - નટવર હેડાઉની વાર્તાઓ મળે છે. ત્રીજો વિભાગ - ગૃહશુસોભન, સજાવટ અને વ્યક્તિ વિકાસનો છે. જેનું સંકલન વિનાબહેન યાજ્ઞિક દ્વારા કરવામાં આવ્યું છે. તેમાં જે તે વિષયના ૨૦ જેટલાં બહુહેતુક ઉપયોગી લેખો છે. ચોથો વિભાગ-વ્યંગ, હાસ્ય અને કાર્ટૂનનો છે. તેમાં કાર્ટૂન, કટાક્ષ અને લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અંકની કિંમત રૂા. ૪૦ રાખેલ છે.

● ભાવિક પરિષદ - માસિકનો દિપોત્સવી અંક બાળવાર્તા વિશેષાંક તરીકે તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં જાણીતા બાળવાર્તા સર્જકો, ગિજુભાઇ, લાભશંકર ઠાકર, રક્ષાબહેન દવે, યોસેફ મેકવાન, નટવર પટેલ, યશવંત કડીકર, કરસનદાસ લુહાર, ઝવેરચંદ મેઘાણી, નટવર હેડાઉની વાર્તાઓ અને કાવ્યોનો સમાવેશ કરાયો છે. અંકની કિંમત. રૂા. ૧૦ રાખેલ છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

આવનાર પેઢીને કેવો વારસો આપીશું?

ચિંતનની વિસ્તરતી ક્ષિતિજે

- હર્ષદ પ્ર. શાહ

બહુ મોટો પ્રશ્ન છે. પણ એ પ્રશ્નના ઉત્તરમાં અનેક નાના-મોટા કોયડાના ઉત્તરો સમાયેલા છે. દરેક માતાપિતા પોતાનાં સંતાનોને કંઈને કંઈ આપી જાય છે. કોઈ પૈસા ને વૈભવ તો કોઈ દરિદ્રતા, કોઈ જ્ઞાન તો કોઈ શાન. કોઈ શાતા તો કોઈ સંતાપ. કોઈ સંસ્કાર તો કોઈ વિકાર. કોઈ સિદ્ધિ તો કોઈ પ્રસિદ્ધિ. કોઈ સુખ તો કોઈ દુઃખ. દરેકને આ બધામાંથી કંઈક તો મળે જ છે.

.....પણ દુઃખની વાત તો એ છે કે સમાજનો એક બહુ નાનો વર્ગ વિચારે છે કે તેઓ તેમની ભાવી પેઢીને કેવો વારસો આપવા માગે છે.. આપવો જોઈએ? જે ક્ષિતિજને પેલે પાર દૂર સુધી જોઈ શકે છે તેઓ નવી પેઢીને ધન-સંપત્તિનો ક્ષુદ્ર વારસો નહીં પણ સંસ્કારનો ભવ્યાતિભવ્ય વારસો આપવાનું કામ કરે છે. થોડા પૈસા માટે નૈતિકતા કે પ્રામાણિકતા જેવાં અમૂલ્ય રત્નો હોડમાં મૂકીને ક્ષણિક આનંદ માણવાનું એમના સ્વભાવમાં નથી હોતું.

આવા માતાપિતા સમાજની મૂડી છે... સમાજનું ગૌરવ છે. બંગાળના સુપ્રિસદ્ધ લેખક હરિન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય પોતાની આત્મકથા 'લાઈફ એન્ડ માયસેલ્ફ'માં પોતાના પિતા અઘોરીનાથી ચટ્ટોપાધ્યાય વિશે એક પ્રસંગ આલેખે છે.

હરીન્દ્રનાથએ વખતે નાના હતા. એક વખત તેઓ પોતાની બહેનના ગામ કટક કલકત્તા પાછા ફરતા હતા. આ મુસાફરી વખતે તેમણે અડધી ટિકિટ લીધી હતી. ખરૂં જોતાં તેમણે આખી ટિકિટ ખરીદવી જોઈએ, પણ પોતાની ઉંમર હતી તે કરતાં તેઓ વધુ નીચી-ઠીંગણા લાગતા હતા. તેથી ટિકિટ કલેકટર આ યુક્તિને પારખી ન શક્યો.

પોતે પૈસા બચાવ્યા તેથઈ નાનો હરીન્દ્રનાથ ઘણો ખુશ હતો. તેણે પિતા અઘોરીનાથને આ વાત કરી. પણ વાત ધાર્યા કરતાં જુદી બની. ખુશ થવાને બદલે પિતા દેવી ગુસ્સાથી રાતા બન્યા અને રેલવે કંપનીને છેતરવા બદલ ખૂબ જ ઠપકો આપ્યો.

તોફાન વખતે પાંદડાની જેવી હાલત થાય તેવી હાલત હરીન્દ્રનાથની થઈ હતી. ત્યારબાદ જીવનમાં કદી પણ સાચી વાતને છુપાવવા માટે પ્રયત્ન ન કરવો એ નિશ્ચિય કર્યો.

જયારે જયારે સત્યનું અપમાન થતું ત્યારે પિતાનો ગુસ્સો હદ વટાવી જતો. બીજા એક પ્રસંગે અઘોરીનાથના અસીલ બેગમસાહેબાએ તેમને કાયદા વિરુદ્ધનું થોડુંક કામ કરવાનું સૂચન કર્યું. તેના બદલામાં સોનાના સિક્કાથી ભરેલી એક થેલી લાંચ આપવા જયારે તેઓ આવ્યા ત્યારે અઘોરીનાથ એટલા ગુસ્સે થયા કે જે ગાડીમાં બેસી બેગમસાહેબા આવ્યા હતાં તેના ગાડીવાનને કહ્યું, 'શું જોઈ રહ્યો છે? ઘોડાને ચાબૂક માર અને આમને જલદીથી મારી નજર સામેથી દૂર લઈ જા'

કેવા સત્યપ્રેમ! સત્યના આચરણ માટે પુત્ર પ્રત્યે જેટલા કઠોર એટલો જ પોતાને માટે પણ!

આવા પિતા પુત્રને સંસ્કારનો અનોખો વારસો આપી ધન્ય બનાવે છે.

મેં પ્રત્યક્ષ અનુભવેલી બીજી એક ઘટના. હું બેંકમાં હતો ત્યારે મારી સાથે નોકરી કરતા એક બહેનના ઘેર સજોડે જવાનું થયું. અમે એમના પરિવાર સાથે ભોજન લીધું. એ દંપતીની સાત વર્ષની એક દીકરી. અનેક પ્રકારની વાતો કરતાં કરતાં સહજ ભાવે ભોજન કર્યું. પરિવાર સાથે આત્મીયતા સધાઈ.

અચાનક મારી દંષ્ટિ એમના ઘરના રાચરચીલ ઉપર પડી. મને ક્યાંય ટી.વી. કે ટેપ ન દેખાયું. મેં સહજ પ્રશ્ન કર્યો. 'તમે ટી.વી. માટે બેંક માંથી લોન કેમ નથી લીધી?'

જવાબમાં એમણે કહ્યું, 'લોન તો લઈ શકાય તેમ છે પણ લેવી નથી. ટી.વી. તો ઘરમાં લાવવું જ નથી ને!'

મેં આશ્ચર્ય સાથે પૂછ્યું, 'કેમ?'

'ટી.વી. લાવું તો મારી અને મારી દીકરીની આડે કંઈક આવે ને! એ જોવા હું બેસું, અમે બધાં બેસીએ કે મારી દીકરી.. છેવટે તો મારી દીકરીથી હું એટલી પળ દૂર ચાલી જાઉં ને? એ મને જરાય ન પોસાય. આ સમય છે કે હું એની પાસે ને એની સાથે વધુમાં વધુ રહું. કોઈ એમાં ભાગ પડાવી જાય તે ન ચાલે. ટી.વી. તો નહીં જ. ટેપ પણ નહીં.. બસ, અમે એનામાં તન્મય બની જવા માગીએ છીએ. એના સંસ્કાર તરફ અમે પૂરું ધ્યાન આપવા માગીએ છીએ. એની એક એક ક્રિયા, ટેવ અને કુટેવ તરફ અમારું ઝીણવટભર્યું ધ્યાન રહે છે. એ તો અમારી જીવનભરની મૂડી છે.. અમારા જીવનનું કેન્દ્રબિંદુ છે... અમારું સર્વસ્વ છે. એના ભોગે કોઈ આનંદપ્રમોદ નહીં!'

ભાવના બહેનનો આવો લાંબો ઉત્તર મારા અંતરમાં ઝણઝણાટી પેદા કરી ગયો. હું આનંદ અને આશ્ચર્યથી એમના ઉત્તરને વાગોળતો રહ્યો.. આજે પણ વાગોળું છું.

માતાપિતાની સભાનતા કે સજગતાનો પ્રશ્ન આવે ત્યારે આ બહેન મને અચૂક યાદ આવે. બધાં માતાપિતા આવાં હોય તો? ભાવી પેઢી કેવી ઉત્તમ તૈયાર થશે?

પાશ્ચાત્ય સંસ્કૃતિનાં કેટલાંક દૂષણો ભારતમાંય ઘૂસી ગયાં છે.. અને તે ભારતની પરિવાર સંસ્થાને છિન્નભિન્ન કરવા તત્પર છે.

એમાંનું એક એટલે ઘોડિયાઘર!

બાફક બાપડું ત્રણ માસનું હોય, છ માસનું હોય, એક વરસનું હોય... માતા એને ઘોડિયાઘરમાં મૂકી આવે, કેમ? તો એને જવું છે બહાર.. નોકરીએ..

અરે! જે બાળકને માતાની સોડ જોઈએ છે, હૂંફ જોઈએ છે એ કલાકોના કલાકો માતાથી વિખૂંટું રહે! ઘોડિયાઘરમાં? એની ઈચ્છા કે આવશ્યકતા કોને કહેશે? એ રડશે તો એનાં આંસુ કોણ પીશે? એ હસતું હશે તો એના નિર્દોષ હાસ્યને માણવા એની બાજુમાં કોણ ઊભું હશે?

ભગવાનના એક રૂપ સમા આવાં બાળકોને ઘોડિયાઘરમાં મૂકીને કલાકો સુધી દૂર રહેનારી માતાઓનો જીવ કેમ ચાલતો હશે?

સંસ્કાર આપવાનો